GJGS030003432023

| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૧૦/૦૪/૨૦૨૩ |
| નોંધ્યા તારીખ | : | ૧૦/૦૪/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | : | ૧૩/૦૪/૨૦૨૩ |

| | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| ડયુરેશન : | ૦૦ | ૦૦ | ૦૩ |

**ઉનાના મહે. ત્રીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉના**

**ફોજ.પર.અરજ નંબર :૫૭/૨૦૨૩**

**આંક**:-

**અરજદાર** :- કાજલબેન ઉર્ફે કાજલબેન હિન્દુસ્તાની વા/ઓ.
જવલંતભાઈ નરેન્દ્રભાઈ શીંગાળા,
ઉ.વ.આ.૪૧, ધંધો-ઘરકામ/સમાજ સેવા,
રહે.હાથી કોલોની, રામ મંદીર પાસે, દિગ્વીજય પ્લોટ,
જામનગર.
હાલ-જીલ્લા જેલ, જુનાગઢ.

-: **વિરુધ્ધ** :-

**સામાવાળા** :- સ્ટેટ ઓફ ગુજરાત
સમન્સ થ્રુ સરકારી વકીલશ્રી, ઉના.

**ગુનો :-** ઉના પો. સ્ટે. ગુ. ર.નં.૧૧૧૮૬૦૦૮૨૩૦૫૧૬/૨૦૨૩
ઈ. પી. કો. કલમ-૧૫૩(ક), ૨૯૫(ક), ૫૦૫ મુજબ.

**<u>અરજ:</u>**– ક્રિ.પ્રો.કોડની ક. ૪૩૯ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.

અરજદાર તરફે વિ.વકીલ શ્રી આર.એ.પરમાર/
એ.આર.દેસાઈ
સામાવાળા તરફે વિ. ડી.જી.પી. શ્રી એમ.કે.ગોહેલ

**–: <u>ઠ રા વ</u> :–**

**(૧)** અરજદાર/આરોપી વિરૂધ્ધ ઉના પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૩૦૫૧૬/૨૦૨૩, ઈ.પી.કો.કલમ–૧૫૩(ક), ૨૯૫(ક) મુજબનો ગન્હો નોંધાયેલો છે. સદર ગુન્હા કામે પોલીસે અરજદાર/આરોપીને તા.૦૯/૦૪/૨૦૨૩ ના રોજ અટક કરી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરતાં અરજદારે ટ્રાયલ કોર્ટ સમક્ષ જામીન અરજી રજુ કરતા જે જામીન અરજી ટ્રાયલ કોર્ટે નામંજુર કરેલ છે અને ત્યારબાદથી અરજદાર જયુડી.કસ્ટડીમાં આવેલ છે. ત્યારબાદ અરજદાર/આરોપીએ હાલની અરજી આ કામનાં અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ–૪૩૯ અન્વયે પ્રસ્તુત અરજ ગુજારેલ છે.

**(૨)** આ કામે અરજદારની અરજી દાખલ થતા સરકારશ્રીને ધોરણસર નોટિસ કરતા સરકાર તરફે વિ.એ.જી.પી.શ્રી એમ. કે. ગોહેલ પોલીસ તપાસના કાગળો તેમજ તપાસ અધિકારીના સોગંદનામા સાથે હાજર થયેલા છે.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી આર.એ.પરમાર તથા એ.આર.દેસાઈને સાંભળ્યા. તેઓની રજુઆત છે કે, અરજદાર જામનગર જીલ્લાનાં શહેરનાં નિત્ય નિવાસી છે. અરજદાર ઘરકામ/સમાજ સેવા કરે છે. અરજદારનાં

પરીવારનાં સભ્યોની બધાની જવાબદારી એટલે કે તેઓનાં સમગ્ર કુટુંબ પરીવારની જવાબદારી અરજદાર ઉપર છે. અરજદારનો કોઈ ગુનાહિત પુર્વ ઈતિહાસ પણ નથી. અરજદાર સામે ગીર સોમનાથ જીલ્લાનાં ઉના પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૧૮૬૦૦૮૨૩૦પ૧૬/૨૦૨૩, આઈ.પી.સી.કલમ–૧પ૩(ક), ૨૯પ(ક), પ૦પ વિગેરે મુજબની ફરીયાદ કાન્તીભાઈ રામજીભાઈ અનાર્મ એ.એસ.આઈ. એ નોંધાવેલ છે. સવાલવાળો કહેવાતો બનાવ ફરીયાદ જોતાં તા.૩૦/૦૪/૨૦૨૩ નાં રોજ કલાક ૨૦/૩૦ વાગ્યાનાં અરસામાં બનવા પામેલ છે તેવો પ્રોસીકયુશનનો આક્ષેપ છે. ત્યારબાદ હાલની ફરીયાદ તા.૦૨/૦૪/૨૦૨૩ ના રોજ ૦૮–૧પ કલાકે નોંધવામાં આવેલ છે. આમ ફરીયાદ આશરે ૩ દિવસ બાદ લીગલ બ્રેઈનની મદદ લઈ માલાફાઈડ ઈરાદાથી તદન ખોટી રીતે હાલનાં અરજદારને સંડોવવા ખોટા આક્ષેપો મુકી ગંભીર ગુન્હામાં સંડોવી દેવાનાં કાવતરાનાં ભાગ રુપે હાલની ફરીયાદ કરેલ હોય તેવુ જણાય આવે છે. એફ.આઈ.આર. જોતાં ફરીયાદપક્ષનાં કેસ મુજબ બનાવ સંબંધે અરજદાર સામે ઈ.પી.કો.કલમ–૧પ૩(ક), ૨૯પ(ક), પ૦પ ના ગુન્હાનાં કોઈ તત્વો ફલિત થતા નથી. આઈ.પી.સી.કલમ–૧પ૩(એ) નાં ભાગ–૧ માં અરજદાર સામે જે આક્ષેપ છે તેમાં ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા તે બંને–પોલીસ અધિકારનો–બિનજામીનનું આઈ.પી.સી.માં પ્રોવીઝન છે. જયારે આઈ.પી.સી.કલમ–૧પ૩(એ) ના ભાગ–૨ માં અરજદાર સામે જે આક્ષેપ છે તેમાં પાંચ વર્ષ સુધીની કેદ અને દંડ–પોલીસ અધિકારનો–બિનજામીનનું આઈ.પી.સી. માં પ્રોવીઝન છે અને બંને ભાગમાં ટ્રાયેબલ બાય નામદાર જે.એમ.એફ.સી. કોર્ટ છે. આઈ.પી.સી.કલમ–૨૯પ(ક) નો અરજદાર સામે જે આક્ષેપ છે તેમાં ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા તે બંને–પોલીસ અધિકારનો–બિનજામીનલાયકનુ આઈ.પી.સી.માં પ્રોવીઝન છે, જે પણ ટ્રાયેબલ બાય નામદાર જે.એમ.એફ.સી. કોર્ટ છે.

આઈ.પી.સી.કલમ–૫૦૫ નો ભાગ–૧ માં અરજદાર સામે જે આક્ષેપ છે તેમાં ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા તે બંને–પોલીસ અધિકાર બહારનો–બિનજામીન નું આઈ.પી.સી.માં પ્રોવીઝન છે અને ટ્રાયેબલ બાય નામદાર જે.એમ.એફ.સી. કોર્ટ છે. જયારે આઈ.પી.સી.કલમ–૫૦૫ નો ભાગ–૨ માં અરજદાર સામે જે આક્ષેપ છે તેમાં ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા તે બંને–પોલીસ અધિકારનો–બિનજામીન નું આઈ.પી.સી.માં પ્રોવીઝન છે અને ટ્રાયેબલ બાય નામદાર જે.એમ.એફ.સી. કોર્ટ છે જયારે આઈ.પી.સી.કલમ–૫૦૫ નો ભાગ–૩ માં અરજદાર સામે જે આક્ષેપ છે તેમાં પાંચ વર્ષ સુધીની કેદ અને દંડ–પોલીસ અધિકારનો–બિનજામીન નું આઈ.પી.સી.માં પ્રોવીઝન છે અને ટ્રાયેબલ બાય નામદાર જે.એમ.એફ.સી.કોર્ટ છે. ઉપરોકત વિગતે તથા હકીકતે અરજદાર સામે જે કલમોનાં આક્ષેપો છે તે કલમો જોતાં નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાનો ચુકાદો કે જે **૨૦૧૪(૨) જી.એલ.એચ. પાના નં.૫૪૭** માં પબ્લીશ થયેલ છે તે ધ્યાને લેતાં અરજદાર વિરૂધ્ધ પ્રોસીકયુશનનો જે આક્ષેપ છે તે અન્વયે પોલીસ સ્ટેશનમાં જ ધોરણસર રીતે જામીન મુકત થવા હકકદાર છે. ઉપરાંત સદરહુ ચુકાદો સમગ્ર રાજયમાં સરકારશ્રીએ સરકયુલેટ કરેલો છે તેનો અમલ કરવા પોલીસ ડીપાર્ટમેન્ટ બંધાયેલ છે તેમ છતા પણ ઉના પોલીસ ગેરકાયદેસર રીતે મનસ્વી રીતે સદરહુ ચુકાદાનો અમલ કરતી નથી અને એબ્યુઝ ઓફ પ્રોસેસ ઓફ લો કરી રહેલ છે. આઈ.પી.સી.કલમ–૩૦૨ હેઠળનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવેલ મહિલા આરોપીને પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલ છે અને તે સંબંધેનો સિધ્ધાંત **ઈલાબેન વા/ઓ. દિપકકુમાર ધનરાજ શાહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૩(૨) જી.એલ.આર. પાના નં.૧૧૪૮** માં પ્રસ્થાપિત કરેલ છે. સી.આર.પી.સી.કલમ–૪૩૭(૨) માં એવો ખાસ પ્રબંધ કાયદામાં કરવામાં આવેલ છે કે જો સોળ વર્ષ કરતા ઓછી વયની અથવા સ્ત્રી અથવા બીમાર અથવા

અશકત વ્યકિત હોય તો તેને જામીન મુકત કરવા જોઈએ તેમજ અન્ય પ્રબંધ એવો પણ કરવામાં આવેલ છે કે કોઈ વ્યકિતને કોઈ અન્ય વિશીષ્ટ કારણોસર જામીન ઉપર મુકત કરવા ન્યાય તથા વ્યાજબી હોય તેનો તેને સંતોષ થાય તો નામદાર કોર્ટ તેવો પણ આદેશ કરી શકે. અરજદાર એક મહીલા નારી છે. અરજદારને નાના બાળકો છે તેમજ તેઓના કુટુંબ તેમજ તેઓના નાના બાળકોની સારસંભાળ તેમજ ભરણપોષણની જવાબદારી અરજદાર ઉપર આવેલ છે. અરજદારનાં વયોવૃધ્ધ સાસુ પથારીવશ છે, તેની સારસંભાળ લઈ શકે તેવુ અરજદાર સિવાય તેમના ઘરમાં કોઈ અન્ય સ્ત્રી સભ્ય નથી. અરજદાર જામનગર શહેરનાં રહીશ છે તેમજ ત્યાં તેઓની સ્થાવર તથા જંગમ મિલ્કત આવેલી છે તેમજ ત્યાંનાં કાયમી રહીશ છે. અરજદાર કયાંય નાસી ભાગી જાય તેમ નથી. આ કહેવાતા ગુન્હાની ટ્રાયલ ચલાવવાની હકુમત નામદાર જયુડી.મેજી.કોર્ટને આવેલ છે. ટ્રાયલ ચાલતા ઘણો લાંબો સમય લાગે તેમ છે, જેથી અરજદારને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો તેઓને તથા તેમના પરીવારજનોને ભારે નુકશાન થાય તેમ છે તેમજ અરજદાર એક મહીલા છે તેમજ અરજદારને નાના બાળકો આવેલ છે તે બાળકોનું જીવન જોખમાય બની જશે તેમજ તેઓના નાના બાળકોનું ભવિષ્ય ખરાબ થઈ જશે અને એક મા વગરનું જીવન તેઓના બાળકો માટે ખુબ જ મુસીબત વાળુ જીવન બની જશે. સવાલવાળી ફરીયાદ ફોલ્સ, ફ્રીવલ્સ અને વેકસેસીયસ છે. માત્રને માત્ર જનરલ એલીગેશન કરવામાં આવેલા છે. આઈ.પી.સી.૧૫૩(ક), ૨૯૫(ક), ૫૦૫ ના પણ મુળભુત તત્વો પ્રથમ દર્શનીય રીતે ફલિત થતા નથી. ફરીયાદમાં સામાન્ય અને સંદિગ્ધ પ્રકારનાં આક્ષેપો કરવામાં આવેલા છે. આ કામમાં એફ.આઈ.આર.માં કરવામાં આવેલા આક્ષેપો માત્રને માત્ર જનરલ ઈન નેચર છે. એફ.આઈ.આર. જોતાં અરજદારની વિરૂધ્ધ પ્રથમ દર્શનીય કેસ જણાતો નથી. કેસની હકીકત

કે આક્ષેપોની સંવેદનશીલતા જામીન અરજી નિર્ણિત કરતી વખતે માપદંડ જોતા નથી. દ્વેષ બુધ્ધિપુર્વક અરજદારને ખોટી રીતે ફોજદારી ગુન્હામાં સંડોવી દઈ જેલના સળીયા પાછળ ધકેલી દઈ તેઓની કારકીર્દીને બટ્ટો લગાડવાનાં મલીન ઈરાદાથી ખાસ રસ ધરાવનાર વ્યકિતનાં દોરી સંચાર અન્વયે હાલની ફરીયાદ ઉભી કરવામાં આવેલ છે અને અરજદારને ફોજદારી ગુન્હામાં ખોટી રીતે સંડોવી દેવાનો પ્ર યાસ કરવામાં આવેલ છે. અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાથી ફરીયાદપક્ષને કોઈ

પ્રકારનું નુકશાન થાય તેમ નથી કે પ્રેજયુડાઈસ થાય તેમ નથી. કાયદા દ્વારા અપાયેલ નામદાર અદાલતની વિવેકાધિકારી સત્તાનો ઉપયોગ અરજદારની તરફેણમાં કરવા વાસ્તે અરજદારનો સબળ કેસ છે. નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્થાપિત કરેલા સિધ્ધાંતોનો લાભ આ કામનાં અરજદારને મળવા પાત્ર છે. ફરીયાદપક્ષનો કેસ આધારભુત માનવા લાયક તથા વિશ્વસનીય અને કોઈ પણ તબકકે પડકારી ન શકાય તેવો હોવો જોઈએ કે જે કારણે તેમાં શંકાથી પર આરોપી સામે ગુન્હો સાબિત કરી શકાય તેમ હોય, વેગ મનઘડત અને પ્રથમ દ્રષ્ટિએ જ માનવા માટે અચકાટ જણાવે તેવા વાર્તારૂપી આક્ષેપોને આધાર બનાવી નિર્દોષ વ્યકિતને ફસાવી દેવા કાયદાનો દુરઉપયોગ થઈ શકે નહી. ભારતીય બંધારણનાં આર્ટીકલ–૧૪ હેઠળ સમાનતાના હકકો તેમજ આર્ટીકલ–૨૧ હેઠળ વ્યકિત સ્વતંત્રતાનાં હકકો તેઓને મળેલા છે જે હકક અધિકારો ઉપર ગેરકાયદેસર રીતે તરાપ મારવામાં આવેલ છે. જેથી ઉપરોકત તમામ હકીકતો જણાવી અરજદારને યોગ્ય રકમનાં જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) સરકાર તરફે વિ.એ.જી.પી. શ્રી એમ.કે.ગોહેલને સાંભળ્યા તેમજ આંક–૭

થી તપાસ કરનાર અમલદાર તર્ફે રજુ થયેલ સોગંદનામા સંદર્ભે તેઓની મુખ્યત્વે એવી રજુઆત છે કે, આ કામનાં આરોપીએ મુસ્લીમ સમાજની ધાર્મિક લાગણી દુભાય તેવુ ભાષણ કરી હિન્દુ તથા મુસ્લીમ સમાજ વચ્ચે વૈમનસ્ય, દુશ્મનાવટ ઉભી થાય તેવા હેતુથી જાહેરસભામાં હાજર રહેલ લોકોને ઉશ્કેરવા પ્ર યત્ન કરેલ તેમજ મુસ્લીમ સમાજનાં મૌલવી વિશે જેમ ફાવે તેમ બોલી મુસ્લીમ સમાજની ધાર્મિક લાગણી દુભાવી ઉના શહેરમાં હિન્દુ મુસ્લીમ બંને સમાજ ભાઈચારાથી રહેતા હોય તે વાતાવરણ ડહોળવાની અશાંતિ ફેલાવેલ હોય જેનાં ફળ સ્વરૂપે હાલનાં સમયમાં પથ્થરમારાના બનાવ પણ બનવા પામેલ છે. આમ ઉપરોકત તમામ હકીકતો જણાવી આરોપીને જામીન પર મુકત ન કરવા અરજ કરેલ છે.

(૫) આ કામનાં સમસ્ત ઉના શહેર મુસ્લિમ સમાજનાં આગેવાનો કે જે આ ફરીયાદનાં કામે મુળ અસરકર્તા વ્યકિતઓ છે મતલબ કે હાલની ફરીયાદનાં વ્યથિત વ્યકિતઓ છે તેઓએ અરજદારની અરજી વિરૂઘ્ધ આંક–૮ થી વાંધા રજુ કરેલ છે તેમજ તે સાથે આંક–૯ થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજુ કરેલ છે અને પોતાના વાંધા જવાબમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, આરોપી વિરૂઘ્ધ થયેલ ફરીયાદમાં આરોપી વિરૂઘ્ધ મુકવામાં આવેલા ચાર્જ પ્રથમ દર્શનીય રીતે સાબિત થાય છે કારણ કે આરોપી બહેને તા.૩૦/૩/૨૦૨૩ નાં રોજ રાત્રીનાં સમયે રામનવમીનાં તહેવાર નીમીતે ઉના ત્રિકોણબાગ સામે આવેલ રાવણાવાડીનાં ખુલ્લા મેદાનમાં આશરે આઠેક વાગ્યાનાં સમયે ધર્મસભા યોજાયેલ હતી. આ ધર્મ સભામાં આશરે દસ થી પંદર હજાર જેટલા માણસો જેમાં પુરૂષો, બૈરાઓ વિગેરે હતા જે માનવ જન સમુદાયમાં આ આરોપી બહેને સ્ટેજ ઉપરથી વકતા તરીકે લાઉડ સ્પીકર મારફતે પોતાનું જનુની ભાષણ આપ્યુ હતુ અને તેમાં

મુસ્લિમ સમાજની બહેનોને ધર્મ પરીવર્તન કરાવવા માટે હિન્દુ લોકોને આહવાન કરેલ હતા અને એ રીતે મહિલાઓનાં મલાજાનું ખુલ્લેઆમ ભંગ કર્યુ હતુ. મુસ્લિમ સમાજનાં ધર્મ બાબતે જુઠી, મનસ્વી, મનઘડત વાતો તેમજ નિમ્ન કક્ષાની તે ભાષણમાં નિંદા કરી હતી. મુસ્લિમ ધર્મનાં વડાઓને મુલ્લા, ઠુલ્લા જેવા નિમ્ન શબ્દોથી સંબોધેલ હતા અને એ રીતે હિન્દુ મુસ્લિમ સમાજ વચ્ચે ભય મનસ્ય, દુશ્મનાવટ, ધિકકાર અને ધ્વેષની લાગણીઓને પ્રોત્સાહીત કરી ઉશ્કેર્યા હતા અને એ રીતે ઉના શહેરની એકતા, બંધુત્વતા, ભાઈચારો, કોમી એખલાસને ડહોળી નાંખવામાં આવ્યો હતો. તે ધર્મસભામાં આપેલ ઝનુની અને ઉશ્કેરણીજનક ભાષણ સબબ ઉના શહેરમાં અશાંતિ અને તંગ વાતાવરણ સર્જાયેલ હતુ. શનિવાર અને રવિવાર એમ બંને દિવસોએ ઉના શહેર સંપુર્ણપણે બંધ રહયુ હતુ તે ઉશ્કેરણીજનક ભાષણનાં કારણે લોકો અને સમાજની ધાર્મિક તેમજ સામાજીક લાગણીઓ દુભાણી હતી. તે કારણસર ઉના શહેરમાં પથ્થરમારાનો બનાવ પણ બનેલ હતો, જેની ફરીયાદ ઉના પોલીસ સ્ટેશનમાં પો.ગુ.રજી.નં.૩૦૫૧૫/૨૦૨૩ થી તા.૧/૪/૨૦૨૩ નાં રોજ નોંધાણી છે. જે ફરીયાદની હકીકતથી સ્વયં સ્પષ્ટ થાય છે કે, આરોપી બહેને કરેલ ભાષણનાં સીધા પરીણામ સ્વરૂપે ઉના શહેરમાં અશાંતિ અને તંગ વાતાવરણ ફેલાયુ હતુ અને તે કારણસર પથ્થરમારાનો પણ બનાવ બનેલ હતો અને બે દિવસ સુધી સતત ઉના શહેર બંધ રહયુ હતુ. ભારત દેશ શાંતિ પ્રિય દેશ છે. ભારત દેશમાં વિવિધ જાતિઓ, વિવિધ સંપ્રદાયનું અનુકરણ કરતા લોકો રહે છે. વિવિધ જાતિઓ અને સંપ્રદાય હોવા છતાં તેમની વચ્ચે ભાઈચારો, એકતા અને બંધુત્વ છે તે જ ભારત દેશની ઉચ્ચ ઓળખ અને આગવી પ્રતિષ્ઠા છે. આમ ભારત દેશની વિવિધતામાં એકતાની ઓળખ, શાંતિ અને ભાઈચારાની ભાવના વર્ષોથી ચાલી આવે છે તે એકતા, શાંતિ અને ભાઈચારાને ખંડીત કરવાની પ્રવૃતિનાં ફળ

સ્વરૂપે એક ચોકકસ સમાજ વિરૂધ્ધ જુઠી, મનસ્વી અને ઉપજાવી કાઢેલી વાર્તાઓ ઘડી વૈમનસ્ય અને દુશ્મનાવટ પેદા થાય તેવા ઉશ્કેરણીજનક ભાષણો મારફતે આરોપી બહેન પોતાનું કાર્ય કરી રહયા છે અને એ રીતે ભારત દેશની એકતા, શાંતિ અને ભાઈચારાને ખોરવી નાખવા પ્રયત્નશીલ છે. જે મારફતે હાલનાં આરોપી ભારત દેશનાં બંધારણને કાયમી પ્રકારનુ નુકશાન પહોંચાડવા કોશીશ કરી રહયા હોય માટે તેમના આ કૃત્યોને સામાન્ય રીતે લઈ શકાય નહી. તેમણે કરેલો ગુનો ભારત દેશની એકતાને ખંડીત કરવાના ઈરાદાથી હોય માટે તેમની સામેનો ગુનો ઘણો જ ગંભીર છે ત્યારે હાલનાં આરોપીના જામીન મંજુર કરવા ન્યાયોચીત નથી કારણ કે જામીન મુકત થયા બાદ આ આરોપી પોતાની પ્રવૃતિ અટકાવે તેમ નથી ઉલટ તે પ્રવૃતિ વધુ ગંભીર રીતે આગળ વધારે તેમ છે. આ કામનાં આરોપીએ તા.૩૧/૩/૨૦૨૩ નાં રોજ વેરાવળ મુકામે પણ એક જાહેર સભામાં હાલની ફરીયાદમાં જણાવેલ વિગત મુજબનું જ મુસ્લિમ સમાજની ધાર્મિક અને સામાજિક લાગણીઓ દુભાય તેવુ ઉશ્કેરણીજનક ભાષણ આપ્યુ હતુ અને તે ભાષણનો લાઈવ વીડીયો બનાવી જુદા જુદા મોબાઈલોમાં તે શેર કરવામાં આવ્યો હતો અને તે ભાષણમાં વકફ બોર્ડ અને ટ્રિબ્યુનલ જેવી બંધારણીય સંસ્થા અને તે સંસ્થામાં ફરજ બજાવતા ન્યાયાધીશો, વકીલો, કર્મચારીઓ વિગેરે વિશે પણ પોતાની જુઠી માન્યતાઓ અને વાર્તાઓ આધારે તથ્યવિહીન ઘણી જ અભદ્ર ટીકા ટીપ્પણો કરી લોકોને ઉશ્કેરેલ હતા. જે અંગેની ફરીયાદ પણ અમદાવાદ શાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી છે. એ રીતે આ કામનાં આરોપી બહેન ઉશ્કેરણીજનક ભાષણ આપવા માટે ટેવાયેલા છે. જુદી જુદી ટીવી ચેનલો ઉપર પણ આ પ્રકારનાં જુઠા ઈન્ટરવ્યુ આપે છે અને મુસ્લિમ સમાજ વિરૂધ્ધ હિન્દુ સમાજને ઉશ્કેરવા સતત પ્રયત્નશીલ રહે છે. હાલનાં અરજદાર/આરોપી બહેન વિશ્વ હિન્દુ પરિષદ તેમજ હિન્દુ યુવા સંગઠન તેમજ રાષ્ટ્રીય સેવા સંઘ જેવા

વિશાળ સંગઠનો સાથે સંકળાયેલા છે, જેથી સાહેદો સાથે ધાક, ધમકી, લાલચ, પ્રલોભનની ઘટના બનવાની પુરી સંભાવના છે. આરોપી બહેન વિશાળ જન સંગઠનો સાથે સંકળાયેલા હોય મુદત તારીખે હાજર પણ રહેવા બાબતે શંકા છે. ઉપરોકત તમામ હકીકતો જણાવી અરજદારની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૬) આ કામે એફ.આઈ.આર. તેમજ તપાસ કરનાર અમલદાર તર્ફે આંક–૭ થી રજુ થયેલ સોગંદનામુ તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતાં આ કામનાં આરોપી વિરૂધ્ધ ઉનાનાં સમસ્ત મુસ્લિમ સમાજ તરફથી ભેગા મળીને સાત મુસ્લિમ વ્યકિતઓ દ્વારા ઉના પોલીસ સ્ટેશનમાં હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ એક લેખિતમાં અરજી આપવામાં આવેલ અને તે સંદર્ભે ઉના પોલીસ સ્ટેશનનાં એ.એસ.આઈ. કાંતીભાઈ રામજીભાઈ નાઓએ તા.૧/૪/૨૦૨૩ નાં રોજ તે અરજી સંદર્ભે ફરીયાદી બની ફરીયાદ દાખલ કરેલ છે. હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, તા.૩૦/૩/૨૦૨૩ નાં રોજ રામનવમીનાં તહેવાર નીમીતે ઉના ત્રિકોણ બાગ સામે આવેલ રાવણા વાડીમાં ખુલ્લા મેદાનમાં રાત્રીનાં આશરે આઠેક વાગ્યાનાં અરસામાં ધર્મસભા યોજાયેલ અને આ ધર્મસભામાં આશરે દસ થી પંદર હજાર જેટલા માણસો મેદાનમાં તેમજ મેદાનની બહાર રોડ પર ભેગા થયેલ. જે લોકોની વચ્ચે આ સભામાં આમંત્રીત વકતા તરીકે હાલનાં અરજદાર/આરોપી કાજલબેન શીંગાળા ઉર્ફે કાજલબેન હિન્દુસ્તાની આવેલા અને તેણીએ આ ધર્મસભા દરમ્યાન પોતાનું ભાષણ સ્ટેજ ઉપરથી લાઉડ સ્પીકર મારફત ચાલુ કરેલ, જેમાં તેણીએ પોતાના ભાષણમાં મુસ્લિમ સમાજની બહેનોને ધર્મ પરીવર્તન કરાવવા માટે હિન્દુ લોકોને આહવાન કરેલ, આથી મુસ્લિમ સમાજની મહીલા નાઓનાં મલાજાનો ભંગ થયેલ તેમજ મુસ્લિમ સમાજની મહીલાઓ તથા પુરૂષની

ધાર્મિક લાગણી ભંગ થાય તેવુ વકતવય આપેલ તેમજ હિન્દુ તેમજ મુસ્લિમ સમાજ વચ્ચે ઈરાદાપુર્વક ઉશ્કેરાટ ફેલાવવાનાં ઈરાદાથી પોતાનું વકતવય આપેલ, જેમાં તેઓએ મુસ્લિમ સમાજનાં ધર્મ બાબતે જુઠી, મનસ્વી અને મનઘડત વાતો તેમજ નિમ્ન કક્ષાની નિંદા કરી હતી. મુસ્લિમ ધર્મનાં મૌલવી બાબતે મુલ્લા ઠુલ્લા જેવા નિમ્ન કક્ષાનાં શબ્દો વાપરી મૌલાના વિશે પણ મનઘડત વાતો ઘડી કાઢી નિંદા કરી હતી અને હિન્દુ તેમજ મુસ્લિમ સમાજ વચ્ચે વૈમનસ્ય, દુશ્મનાવટ, ધિકકાર અને ધ્વેશની લાગણીઓને પ્રોત્સાહન આપી સભામાં હાજર વિશાળ જનસમુદાયને ઉશ્કેરણી કરેલ અને હાજર જનસમુદાયને પોતાના ભાષણ મુજબ અમલ કરવા તેમજ વર્તન કરવા પણ આહવાન કરેલ હતુ અને તે રીતે ઉના શહેરની એકતા, બંધુત્વ, ભાઈચારો અને કોમી એખલાસને ડહોળાવી મુસ્લિમ ધર્મનાં લોકોની ધાર્મિક માન્યતાઓને તેમજ મુસ્લિમ સમાજની લાગણીનું અપમાન કરી ધર્મની નિંદા કરેલ અને મુસ્લિમ સમાજનાં મૌલવી વિશે જેમ ફાવે તેમ બોલી મુસ્લિમ સમાજની લાગણી દુભાવેલ હોય અને શહેરમાં હિન્દુ અને મુસ્લિમ ભાઈચારાથી રહેતા હોય, શાંતિનું વાતાવરણ ડહોળાવી અને અંશાતિ ફેલાવેલ અને જેના ફળ સ્વરૂપે પથ્થરમારાનાં બનાવ બનેલ, જેથી અરજદાર/આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૧૫૩(ક), ૨૯૫(ક), ૫૦૫ મુજબ ધોરણસર થવા ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબ અરજદાર/આરોપી વિરૂધ્ધ ગુનો નોંધવામાં આવેલ.

(૭) હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ જે ગુના સંદર્ભેનો આક્ષેપ મુકવામાં આવેલ છે તેની સજાની જોગવાઈ જોવામાં આવે તો ગુનો મહતમ પાંચ વર્ષની સજાનો ગુનો છે અને મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ ગુનો છે. પરંતુ અરજદાર/આરોપી વિરૂધ્ધ જે આક્ષેપ છે તે ખુબ જ ગંભીર પ્રકારનો છે અને તેઓની વિરૂધ્ધનો આક્ષેપ જોતાં તેઓએ વિશાળ જનસમુદાયને ઉશ્કેરણીજનક ભાષણો કરેલ છે અને ચોકકસ

જનસમુદાય વિરૂઘ્ઘ ઉશ્કેરવાનાં અને હિન્દુ મુસ્લિમ કોમ વચ્ચે દુશ્મનાવટ, વૈમનસ્ય અને ધિકકાર અને દ્વેશની લાગણી પેદા થાય તેવુ ભાષણ કરેલાનો આક્ષેપ છે તેમજ મુસ્લિમ કોમનાં લોકોની ધાર્મિક લાગણી દુભાય તે રીતે તેમના સમાજનાં મૌલવીઓ વિશે મન ફાવે તેમ બોલવાનાં અને કોમી એખલાસને ડહોળવાનાં અને મુસ્લિમ ધર્મનાં લોકોની ધાર્મિક માન્યતાને તેમજ મુસ્લિમ સમાજની લાગણીનું અપમાન કરી ધર્મની નિંદા કરવાનાં આક્ષેપો છે. અરજદાર/આરોપી વિરૂઘ્ઘ જે રીતનાં આક્ષેપો છે તે જોતાં અરજદાર/આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે તે ઉચિત જણાય છે, જેથી અરજદાર/આરોપી તર્ફે વિ.વકીલશ્રીએ પોતાની જામીન અરજીમાં તેમજ પોતાની મૌખિક રજુઆતમાં અરજદાર/આરોપીની ધરપકડનાં કે પોલીસ દ્વારા અરણેશ કુમાર વિ. સ્ટેટ ઓફ બિહાર, ૨૦૧૪(૨) જી.એલ.એચ. પાના નં.૫૪૭ (સુપ્રિમ કોર્ટ) માં નામદાર સુપ્રિમ કોર્ટે ધરપકડ માટેનાં જે ડાયરેકશન આપેલ છે તે અનુસરેલ નથી તેવી અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની દલીલ હાલનાં તબકકે ટકવાપાત્ર જણાતી નથી કારણ કે જો અરજદાર/આરોપીની ધરપકડ કરવામાં આવ્યા ન હોત તો તેઓનાં ભાષણથી સમાજમાં બે કોમ વચ્ચેની શાંતિ ડહોળાઈ જાત અને ઘણા બધા અનિચ્છનીય બનાવો બનવાની શકયતા વધી જાત અને જેથી બે કોમ વચ્ચે તેમજ સમાજમાં શાંતિ જળવાય રહે અને આ પ્રકારનું કૃત્ય આગળ વધતુ અટકે તે માટે અરજદાર/આરોપીની ધરપકડ આવશ્યક હતી તેવુ મારુ સ્ પષ્ટપણે માનવુ છે અને જેથી અરજદાર/આરોપીની ધરપકડ ગેરકાયદેસર છે અને તેમાં નામદાર સુપ્રિમ કોર્ટનાં ઉપરોકત ચુકાદામાં આપેલ ડાયરેકશનનુ પાલન કરવામાં આવેલ નથી તેવી અરજદારનાં વિ.વકીલશ્રીની રજુઆત ટકવાપાત્ર રહેતી નથી.

(૮) અરજદાર/આરોપીની જામીન પર મુકત કરવાની રજુઆત સંદર્ભે તપાસ કરનાર અમલદાર તર્ફે આંક–૭ થી એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા અરજદાર/આરોપીએ મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણી દુભાય તેવુ ભાષણ કરી હિન્દુ સમાજ વચ્ચે વૈમનસ્ય અને દુશ્મનાવટ ઉભી થાય તેવા હેતુથી સભામાં હાજર રહેલ લોકોને ઉશ્કેરવાનાં પ્રયત્ન કરેલ તેમજ મુસ્લિમ સમાજનાં મૌલવી વિશે જેમ ફાવે તેમ બોલી સમાજની લાગણી દુભાવી ઉના શહેરમાં હિન્દુ અને મુસ્લિમ સમાજ ભાઈચારાથી રહેતો હોય તે વાતાવરણ ડહોળાવી અશાંતિ ફેલાવેલ હોય અને તેનાં ફળ સ્વરૂપે હાલનાં સમયમાં પથ્થરમારાનાં બનાવ પણ બનવા પામેલ અને જેથી અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવામાં આવે તો અન્યને પણ આવા પ્રકારનાં ગુના કરવા પ્રોત્સાહન મળશે તેમજ ફરીયાદી તેમજ અન્ય સાહેદોને ધાકધમકી આપી યેનકેન પ્રકારે ફોડવાનાં પ્રયત્નો કરશે અને કેસને નુકશાન પહોંચાડવાનાં પ્રયત્નો કરે તેવી દહેશત રહેલ હોય, તેથી અરજદાર/આરોપીનાં જામીન નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૯) અરજદાર/આરોપી વિરૂધ્ધ જે ગુનાનો આક્ષેપ છે તે ભલે મહતમ પાંચ વર્ષની સજાનાં ગુનાનો આક્ષેપ હોય, પરંતુ ખુબ જ ગંભીર પ્રકારનાં ગુનાનો આક્ષેપ છે અને અરજદાર/આરોપીએ હિન્દુ અને મુસ્લિમ કોમ વચ્ચે દુશ્મનાવટ અને વૈમનસ્ય પેદા થાય તેવા ભાષણો કર્યાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી વિરૂધ્ધ જે પ્રકારનો આક્ષેપ છે તે જોતાં અરજદાર/આરોપીનાં કૃત્યને કારણે હિન્દુ અને મુસ્લિમ સમાજનાં લોકોમાં એકબીજા પ્રત્યે વૈમનસ્ય અને દુશ્મનાવટ પેદા થાય અને અશાંતિ ભર્યુ માહોલ સર્જાય તેવી પરિસ્થિતિનું સર્જન થયેલ હતુ અને પરીણામે બે કોમ વચ્ચે પથ્થરમારાનો બનાવ પણ બનેલ અને જે સંદર્ભે કુલ ૭૬ જેટલા મુસ્લિમ વ્યકિતઓ વિરૂધ્ધ નામજોગ અને અન્ય ૨૦૦ અનામી

વ્યકિતઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૨૩, ૩૩૭, ૪૨૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), જી.પી.એકટ ૧૩૫ મુજબની ફરીયાદ ઉના પોલીસ સ્ટેશનમાં ગુના રજી.નં.૩૦૫૧૫/૨૦૨૩ થી તા.૧/૪/૨૦૨૩ નાં રોજ નોંધવામાં આવેલી અને બંને કોમ વચ્ચે અશાંતિભર્યુ વાતાવરણ સર્જાયેલ અને ઉના શહેરની શાંતિ ડહોળવાનો હાલનાં અરજદાર/આરોપીએ પ્રયત્ન કરેલ તેવો પણ આક્ષેપ છે. પોલીસ પેપર્સમાં રજુ થયેલ ઉના પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઈ.શ્રી એન.કે.ગૌસ્વામીએ પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ નાઓને તા.૬/૪/૨૦૨૩ નાં રોજ જે રીપોર્ટ કરેલ છે તે ધ્યાને લેવામાં આવે તો તેમાં તેઓએ પથ્થરમારાનાં બનાવ સંદર્ભે એવુ જણાવેલ છે કે, કુંભારવાડામાં પથ્થરમારાનો જે બનાવ બનેલ છે તે બનાવ અકસ્માત રીતે બનવા પામેલ છે અને તે ગુનો સામાન્ય પ્રકારનો છે, જેમાં ચાર ઈસમોને સામાન્ય ઈજા થયેલ હતી અને આ પ્રકારનો એક જ બનાવ બનેલ છે. આમ હાલનાં અરજદાર/આરોપીએ રામનવમીનાં તહેવાર સંદર્ભે ત્રિકોણ બાગ સામે આવેલ રાવણા વાડીનાં ખુલ્લા મેદાનમાં રાત્રીનાં આઠેક વાગ્યાના અરસામાં ધર્મ સભા યોજાયેલ અને તેમાં દસ થી પંદર હજાર જેટલા માણસો ભેગા થયેલ અને તેમાં હાલનાં અરજદાર/આરોપીએ લાઉડસ્પીકર ઉપરથી ભાષણ આપેલ તે હકીકત છે અને એફ.આઈ.આર. પરથી પણ તે ફલિત થાય છે. પરંતુ અરજદાર/આરોપીનાં આ ભાષણને કારણે હિન્દુ અને મુસ્લિમ સમાજ વચ્ચે વૈમનસ્ય પેદા થયેલ અને ઉના શહેરનાં કુંભારવાડામાં હિન્દુ અનુ મુસ્લિમ કોમ વચ્ચે પથ્થરમારાનો બનાવ બનેલ તે અરજદાર/આરોપીનાં ભાષણને કારણે જ બનેલ તે હકીકત હાલનાં સંજોગોમાં પુરાવાને આધીન છે તેવુ મારુ માનવુ છે અને પુરાવો નોંધ્યા સિવાય આ સંદર્ભે હાલનાં તબકકે કોઈ નિર્ણય કરી શકાય નહી. અરજદાર/આરોપીએ પોતાના ભાષણમાં મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણી દુભાય તેવુ ભાષણ કરેલ પરંતુ અરજદાર/આરોપીએ હિન્દુ તથા

મુસ્લિમ સમાજ વચ્ચે વૈમનસ્ય અને દુશ્મનાવટ ઉભી થાય તેવા હેતુથી સભામાં હાજર રહેલ લોકોને ઉશ્કેરવાનાં પ્રયત્નો કરેલ તે હકીકત પણ પુરાવાને આધીન છે અને પુરાવો નોંધ્યા સિવાય આ સંદર્ભે હાલનાં તબકકે નિર્ણય કરી શકાય નહી. અરજદાર/આરોપી તર્ફે વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ પોતાના ભાષણમાં જે શબ્દોનાં જોડકણા નાઓનો ઉપયોગ કરેલ છે, જેને કારણે મુસ્લિમ સમાજની લાગણી દુભાયાનો અરજદાર પર આક્ષેપ કરવામાં આવેલ છે તેવા જોડકણા સામાન્ય ભાષામાં રોજબરોજ બોલાતા હોય છે, જેથી માત્ર શબ્દોનાં જોડકણા બોલવાથી અરજદાર/આરોપીએ મુસ્લિમ સમાજનાં ધાર્મિક આગેવાનો કે મૌલવી નાઓને અપમાનીત કર્યા હોય તેવુ નથી. અરજદારનાં વિ.વકીલશ્રીની આ રજુઆતને સ્વીકારી શકાય તેમ નથી કારણ કે કોઈ પણ સમાજની ધાર્મિક લાગણી દુભાય તે રીતે શબ્દ પ્રયોગ કરવા તે સામાન્ય ગણાય નહી અને તેનાથી સામાજીક શાંતિ ડહોળાવાની શકયતા રહેલ છે તે પણ નકારી શકાય નહી. ભારત દેશમાં દરેક નાગરિકને વાણી સ્વાતંત્રય આપવામાં આવેલ છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે કોઈ પણ વ્યકિત અન્ય સમાજ, ધર્મ, જ્ઞાતિ કે જાતિ વિશે મન ફાવે તેમ વાણી વીલાસ કરે અને પોતાના વાણી સ્વાતંત્રયનો દુરઉપયોગ કરે. વાણીસ્વાતંત્રયનો ઉપયોગ એવો પણ નથી કરવાનો કે જેને કારણે સમાજમાં અશાંતિ ફેલાય અને તંગદીલી સર્જાય અને સમાજની શાંતિ હણાય જાય અને કોમી દુશ્મનાવટ પેદા થાય. ભારત દેશ પોતાની અખંડીતતા અને બિનસાંપ્રદાયીકતાને કારણે તેમજ વિવિધતામાં એકતાને કારણે સમગ્ર વિશ્વમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે અને અમુક સાંપ્રદાયીક તત્વોને કારણે ભારતની આ છબીને નુકશાન પહોંચે અને ભારતનું ગૌરવ હણાય તે સાંખી લેવાય તેવી વાત નથી. કોઈ પણ વ્યકિત ચાહે તે હિન્દુ હોય કે મુસ્લિમ કે અન્ય કોઈ ધર્મ જાતિ કે જ્ઞાતિની વ્યકિત હોય અને તે ભારતની અખંડીતતા અને બિનસાંપ્રદાયીકતાની

ગૌરવવંતી છબીને ધુંધળી કરવાનો પ્રયત્ન કરે તો તે ખુબ જ ગંભીર બાબત છે અને તેને ગંભીરતાથી લેવી જોઈએ. આમ, હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૧૫૩(ક), ૨૯૫(ક), ૫૦૫ વિગેરે મુજબનાં ગુનાનો આક્ષેપ છે જે ખુબ જ ગંભીર પ્રકારનાં ગુનાનો આક્ષેપ છે. પરંતુ તેમાં સજાની જોગવાઈ ધ્યાને લેતાં આ ગુનો મહતમ પાંચ વર્ષની સજાનો ગુનો છે. વધુમાં તપાસ કરનાર અમલદાર તર્ફે પોતાની એફીડેવીટમાં એવી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી કે આ ગુનાનાં કામે હાલમાં તપાસ ચાલુ હોય અને તે માટે અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટે જરૂરીયાત હોય અને અરજદાર/આરોપીની પ્રત્યક્ષ હાજરીની તપાસ થઈ શકે તેમ ન હોય તેવી કોઈ જ રજુઆત તપાસ કરનાર અમલદાર તર્ફે કરવામાં આવેલ નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર તર્ફે રજુ કરવામાં આવેલ સોગંદનામા પરથી એવુ પણ ફલિત થાય છે કે, આ કામે બનાવવાળી જગ્યાનું પંચનામુ કરવામાં આવેલ છે તેમજ લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધવામાં આવેલ છે અને અરજદાર/આરોપી સ્વખુશીથી પોલીસ સમક્ષ હાજર થયેલ છે, જેથી તપાસ કરનાર અમલદાર તર્ફે રજુ કરવામાં આવેલ એફીડેવીટ ધ્યાને લેતાં હાલનાં અરજદાર પુરતી તપાસ થઈ ગયેલ હોય અને સદર ગુનાની વધુ તપાસ માટે હાલનાં અરજદાર/આરોપીનું કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન કરવા માટે આરોપીની જરૂરીયાત જણાતી નથી તેવુ ફલિત થાય છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તર્ફે આંક–૮ થી લેખિતમાં વાંધા જવાબ રજુ કરવામાં આવેલ છે જે અંગે આ હુકમનાં પેરા નં.૫ માં જણાવવામાં આવેલ છે તે મુજબ ફરીયાદપક્ષ તર્ફે એવી દહેશત રજુ કરવામાં આવેલ છે કે, જો અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવામાં આવશે તો અરજદાર/આરોપી વિશ્વ હિન્દુ પરીષદ તેમજ હિન્દુ યુવા સંગઠન તેમજ રાષ્ટ્રીય સેવા સંગઠન જેવા વિશાળ સંગઠનો સાથે સંકળાયેલ હોય સાહેદોને ધાક,

ધમકી, લાલચ અને પ્રલોભન આપી ફોડવાનાં પ્રયત્નો કરે તેવી પુરી શકયતા રહેલ છે તેમજ વિશાળ જન સંગઠન સાથે સંકળાયેલ હોય મુદત તારીખે હાજર રહે તે બાબતે પણ શંકા છે તેમજ જામીન પર મુકત થયા બાદ પણ આરોપી પોતાની પ્રવૃતિ અટકાવશે નહી અને વધુ ગંભીર રીતે આગળ વધારે તેવી શકયતાઓ જણાય છે, જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. પરંતુ ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ દહેશત માત્રથી અરજદાર/આરોપી કે જેઓની ઉપર મહતમ પાંચ વર્ષની સજાના ગુનાનું તહોમત છે તેમને જામીન મુકત ન કરી જેલમાં રાખવા તે ઉચિત નથી. અરજદાર/આરોપીની જામીન અરજી સંદર્ભે નિર્ણય કરતા સમયે અરજદાર/આરોપી તર્ફે રજુ રાખવામાં આવેલ ચુકાદા નં. ૧) ૨૦૧૨(૧) એસ.સી.સી. પાના નં.૪૦, સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ. નો ચુકાદો ધ્યાને લેવો આવશ્યક છે, જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે,

*“14) In bail applications, generally, it has been laid down from the earliest times that the object of bail is to secure the appearance of the accused person at his trial by reasonable amount of bail. The object of bail is neither punitive nor preventative. Deprivation of liberty must be considered a punishment, unless it can be required to ensure that an accused person will stand his trial when called upon. The courts owe more than verbal respect to the principle that punishment begins after conviction, and that every man is deemed to be innocent until duly tried and duly found guilty. From the earliest times, it was appreciated that detention in custody pending completion of trial could be a cause of great hardship. From time to time, necessity demands that some un-convicted persons should be held in custody pending trial to secure their attendance at the trial but in such cases, ‘necessity’ is the*

*operative test. In this country, it would be quite contrary to the concept of personal liberty enshrined in the Constitution that any person should be punished in respect of any matter, upon which, he has not been convicted or that in any circumstances, he should be deprived of his liberty upon only the belief that he will tamper with the witnesses if left at liberty, save in the most extraordinary circumstances. Apart from the question of prevention being the object of a refusal of bail, one must not lose sight of the fact that any imprisonment before conviction has a substantial punitive content and it would be improper for any Court to refuse bail as a mark of disapproval of former conduct whether the accused has been convicted for it or not or to refuse bail to an un-convicted person for the purpose of giving him a taste of imprisonment as a lesson."*

તેમજ અરજદાર/આરોપી તર્ફે રજુ થયેલ ચુકાદા નં. ૨) ૨૦૧૮(૩) એસ.સી.સી. પાના નં.૨૨, સુપ્રિમ કોર્ટ, દતારામસિંગ વિ. સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ એન્ડ અનધર નો ચુકાદો પણ ધ્યાને લેવો આવશ્યક છે, જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,

*“2. A fundamental postulate of criminal jurisprudence is the presumption of innocence, meaning thereby that a person is believed to be innocent until found guilty. However, there are instances in our criminal law where a reverse onus has been placed on an accused with regard to some specific offences but that is another matter and does not detract from the fundamental postulate in respect of other offences. Yet another important facet of our criminal jurisprudence is that the grant of bail is the general rule and putting a person in jail or in a prison or in a correction home (whichever expression one may wish to use) is an exception. Unfortunately, some of these basic principles appear to have*

*been lost sight of with the result that more and more persons are being incarcerated and for longer periods. This does not do any good to our criminal jurisprudence or to our society."*

તેમજ અરજદાર/આરોપી તર્ફે રજુ થયેલ ચુકાદો નં. ૬) એ.આઈ.આર. ૨૦૨૨(સુપ્રિમ કોર્ટ) પાના નં.૩૩૮૬, સતેન્દર કુમાર અંટીલ વિ. સી.બી.આઈ. નો ચુકાદો પણ ધ્યાને લેવો આવશ્યક છે, જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,

**67.**The rate of conviction in criminal cases in India is abysmally low. It appears to us that this factor weighs on the mind of the Court while deciding the bail applications in a negative sense. Courts tend to think that the possibility of a conviction being nearer to rarity, bail applications will have to be decided strictly, contrary to legal principles. We cannot mix up consideration of a bail application, which is not punitive in nature with that of a possible adjudication by way of trial. On the contrary, an ultimate acquittal with continued custody would be a case of grave injustice.

**68.**Criminal courts in general with the trial court in particular are the guardian angels of liberty. Liberty, as embedded in the Code, has to be preserved, protected, and enforced by the Criminal Courts. Any conscious failure by the Criminal Courts would constitute an affront to liberty. It is the pious duty of the Criminal Court to zealously guard and keep a consistent vision in safeguarding the constitutional values and ethos. A criminal court must uphold the constitutional thrust with responsibility mandated on them by acting akin to a high priest. This Court in Arnab Manoranjan Goswami v. State of

Maharashtra, (2021) 2 SCC 427, has observed that:

"67. Human liberty is a precious constitutional value, which is undoubtedly subject to regulation by validly enacted legislation. As such, the citizen is subject to the edicts of criminal law and procedure. Section 482 recognises the inherent power of the High Court to make such orders as are necessary to give effect to the provisions of CrPC "or prevent abuse of the process of any court or otherwise to secure the ends of justice". Decisions of this Court require the High Courts, in exercising the jurisdiction entrusted to them under Section 482, to act with circumspection. In emphasising that the High Court must exercise this power with a sense of restraint, the decisions of this Court are founded on the basic principle that the due enforcement of criminal law should not be obstructed by the accused taking recourse to artifices and strategies. The public interest in ensuring the due investigation of crime is protected by ensuring that the inherent power of the High Court is exercised with caution. That indeed is one—and a significant—end of the spectrum. The other end of the spectrum is equally important : the recognition by Section 482 of the power inhering in the High Court to prevent the abuse of process or to secure the ends of justice is a valuable safeguard for protecting liberty. The Code of Criminal Procedure, 1898 was enacted by a legislature which was not subject to constitutional rights and limitations; yet it recognised the inherent power in Section 561-A. Post-Independence, the recognition by Parliament [ Section 482

CrPC, 1973] of the inherent power of the High Court must be construed as an aid to preserve the constitutional value of liberty. The writ of liberty runs through the fabric of the Constitution. The need to ensure the fair investigation of crime is undoubtedly important in itself, because it protects at one level the rights of the victim and, at a more fundamental level, the societal interest in ensuring that crime is investigated and dealt with in accordance with law. On the other hand, the misuse of the criminal law is a matter of which the High Court and the lower courts in this country must be alive. In the present case, the High Court could not but have been cognizant of the specific ground which was raised before it by the appellant that he was being made a target as a part of a series of occurrences which have been taking place since April 2020. The specific case of the appellant is that he has been targeted because his opinions on his television channel are unpalatable to authority. Whether the appellant has established a case for quashing the FIR is something on which the High Court will take a final view when the proceedings are listed before it but we are clearly of the view that in failing to make even a prima facie evaluation of the FIR, the High Court abdicated its constitutional duty and function as a protector of liberty. Courts must be alive to the need to safeguard the public interest in ensuring that the due enforcement of criminal law is not obstructed. The fair investigation of crime is an aid to it. Equally it is the duty of courts across the spectrum—the district judiciary, the High Courts and the Supreme Court—to ensure

that the criminal law does not become a weapon for the selective harassment of citizens. Courts should be alive to both ends of the spectrum—the need to ensure the proper enforcement of criminal law on the one hand and the need, on the other, of ensuring that the law does not become a ruse for targeted harassment. Liberty across human eras is as tenuous as tenuous can be. Liberty survives by the vigilance of her citizens, on the cacophony of the media and in the dusty corridors of courts alive to the rule of (and not by) law. Yet, much too often, liberty is a casualty when one of these components is found wanting.”

આમ હાલની જામીન અરજીનો નિર્ણય કરતા સમયે નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં હાલનાં અરજદાર/આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૧૫૩(ક), ૨૯૫(ક), ૫૦૫ વિગેરે મુજબનાં ગુનાનું તહોમત છે, જેમાં સજાની જોગવાઈને ધ્યાને લેતાં ઈ.પી.કો.કલમ–૧૫૩(ક) તે મહતમ ત્રણ વર્ષની કેદની સજા અથવા દંડ અથવા બંનેની સજાનો ગુનો છે તેમજ ઈ.પી.કો.કલમ–૨૯૫(ક) તેમાં પણ મહતમ સજા ત્રણ વર્ષની કેદની અથવા દંડ અથવા બંનેની સજાની જોગવાઈ છે તેમજ ઈ.પી.કો.કલમ–૫૦૫ માં મહમત પાંચ વર્ષની કેદની અને દંડની સજાની જોગવાઈ છે, જે ધ્યાને લેતાં અરજદાર/આરોપી વિરૂધ્ધનું તહોમત મહતમ પાંચ વર્ષની કેદની સજાનું છે. વધુમાં હાલનાં કેસની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે તેમજ અરજદાર સ્ત્રી ઈસમ છે, જેથી લાંબા સમય સુધી જો તેમને જેલમાં રાખવામાં આવે તો પ્રિ ટ્રાયલ પનીશમેન્ટ જેવી પરિસ્થિતિ સર્જાય. વધુમાં તેઓ જામનગરનાં સ્થાનિક રહેવાસી છે અને બાળ બચ્ચા વાળા સ્ત્રી ઈસમ છે તેમજ

અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટે જરૂરીયાત હોવાની કોઈ જ રજુઆત તપાસ કરનાર અમલદાર તર્ફે કરવામાં આવેલ નથી તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને તમામ સંજોગોને ધ્યાને લેતાં તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનાં ઉપરોકત ચુકાદાઓને ધ્યાને લેતાં જામીન મુકત કરવા ઉચિત જણાય છે. પરંતુ અત્રે એ હકીકત પણ નોંધવી આવશ્યક છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધનાં ગુનાની કેદની સજા મહતમ પાંચ વર્ષની છે તે સાથે સાથે ગુનાની ગંભીરતાને પણ લક્ષમાં લેવી આવશ્યક છે અને આથી ગુનાની ગંભીરતા તેમજ અરજદાર/આરોપી રાજકીય વગ ધરાવતા ઈસમ હોવાની ફરીયાદપક્ષ તર્ફે જે રજુઆત કરવામાં આવેલ છે તે સંદર્ભે અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રી તર્ફે કોઈ જ વાંધો લેવામાં આવેલ નથી તે પણ ધ્યાને રાખવા જેવી બાબત છે અને સમાજમાં આ પ્રકારનાં કૃત્યો આચરવા માટે અન્ય વ્યકિતઓને પ્રોત્સાહન ન મળે તે પણ ધ્યાને રાખવુ આવશ્યક છે. આથી આ સમગ્ર સંજોગોને ધ્યાને લેતાં અરજદાર/આરોપીને સખત શરતોને આધીન જામીન પર મુકત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાય રહેશે તેવુ મારુ સ્પષ્ટપણે માનવુ છે અને આથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર/આરોપીની તરફેણમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯ હેઠળ મળ ેલ સત્તાનો ઉપયોગ કરવો ઉચિત જણાય છે અને તે મુજબ સદર જામીન અરજી અન્વયે નીચે મુજબનો ન્યાયોચિત હુકમ ફરમાવવામાં આવે છે.

**-// હુ ક મ //-**

(૧) અરજદાર/આરોપીની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી કાજલબેન ઉર્ફે કાજલબેન હિન્દુસ્તાની વા/ઓ. જવલંતભાઈ નરેન્દ્રભાઈ શીંગાળા, રહે.હાથી કોલોની, રામ મંદીર પાસે, દિગ્વીજય પ્લોટ, જામનગર નાઓએ ઉના પો. સ્ટે. ગુ. ર.નં.૧૧૧ ૮૬૦૦૮૨૩૦૫૧૬/૨૦૨૩ ઈ. પી. કો. કલમ-૧૫૩(ક), ૨૯૫(ક),

૫૦૫ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીએ રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત-મુચરકો આપ્યેથી, નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો</u> :-

૧. અરજદાર/આરોપીએ ચાર્જશીટ થાય ત્યાં સુધી અરજીમાં જણાવેલ સરનામા વાળા રહેણાંકની નજીકનાં પોલીસ સ્ટેશનમાં દર મહીનાની પહેલી અને સોળમી તારીખે કલાક ૧૧/૦૦ થી બપોરનાં ૨/૦૦ વાગ્યા સુધીમાં હાજરી પુરાવવાની રહેશે.

૨: અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમિયાન નિયમિત હાજર રહેવુ.

૩: અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ પુર્ણ થાય ત્યાં સુધી કેસની ટ્રાયલમાં મુદતે હાજરી આપ્યા સિવાય ગીર સોમનાથ જીલ્લાની હદમાં પ્રવેશ કરવો નહી.

૪: અરજદાર/આરોપીએ ફરિયાદી કે ફરિયાદપક્ષના સાહેદોને કોઈપણ રીતે ધાક-ધમકી આપી દબાવવા, ફોસલાવવા, ફોડવા પ્રયત્ન કરશે નહી કે પુરાવા સાથે ચેડા કરવા નહી.

૫: અરજદાર/આરોપીએ પોતાના કાયમી સરનામા ધંધાના અને રહેઠાણના અને હંગામી સરનામા ધંધા અને રહેઠાણના અલાયદી પુરશીશથી રજુ કરવા અને તે ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર બદલવા નહી અને તે ત.ક.અમલદાર સમક્ષ પણ રજુ કરવા.

૬: અરજદાર/આરોપીએ કેસનો આખરી નીકાલ થતાં સુધી ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ભારત દેશ ની હદ છોડવી નહીં.

૭: આ કામના અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન રજુ કરતી વખતે અથવા જામીન ઉપર મુકત થયા બાદ દિવસ-૭ માં ટ્રાયલ કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવો અને પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનું ટ્રાયલ કોર્ટમાં સોગંદનામું કરવું.

૮: અરજદાર/આરોપીએ પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા જામીન રજુ કરતી વખતે અથવા જામીન ઉપર મુકત થયા બાદ દિવસ-૭ માં ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા, તેમજ અરજદાર/આરોપીના જામીનદારે પણ પોતાના પાસપોર્ટ સાઈઝનાં બે ફોટા જામીન આપતી વખતે કે ૭ દિવસ બાદ ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા.

૯: અરજદાર/આરોપીએ આવી કે અન્ય કોઈ ગુનાહિત પ્રવૃતિ કે ગુનાનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

જો અરજદાર/આરોપી આ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ ફરીવાર આચરે તો તપાસ કરનાર અમલદાર અરજદાર/આરોપીનાં જામીન રદ કરવા માટે કાર્યવાહી કરી શકે છે.

આ હુકમની જાણ સબંધીત કોર્ટ તેમજ પોલીસ સ્ટેશનને કરવી.

આજ તારીખ : ૧૩ માહે એપ્રિલ, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૩/૦૪/૨૦૨૩.
સ્થળ : ઉના.

**(આર. એમ.અસોડીયા)**
ત્રીજા એડીશનલ સેસન્સ જજ
ઉના.(જી.જે.૦૬૩૬)